ISSN 2454-8596
www.MyVedant.com

VIDHYAYANA

An International Multidisciplinary Research E-Journal

# ધરમપુર તાલુકામાં માધ્યમિક કક્ષાએ સંસ્કૃત શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ

**AUTHOR**

ઘલિઆ દિલહરબા ન્હારસિંહ

**DESIGNATION**

(એમ.ફિલ.સ્કોલર )

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ

પ્રસ્તુત સંશોધન ધરમપુર તાલુકામાં માધ્યમિક કક્ષાએ સંસ્કૃત શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ જાણવા માટે હાથ ધરવામાં આવ્યું હતું. સંસ્કૃત ભાષા શિક્ષણની શું પારિસ્થિતિ છે એ જાણવાનો મુખ્ય હેતુ હતો. ધરમપુર તાલુકામાં સંસ્કૃત વિષયનું અધ્યાપન કાર્ય કરાવતા શિક્ષકોની શૈક્ષણિક લયકાત અને અનુભવ, અભ્યાસક્રમમા સંસ્કૃત શિક્ષણનું સ્થાન, સંસ્કૃત વિષયનો અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તક, સંસ્કૃત વિષયની અધ્યાપન પદ્ધતિઓ, શૈક્ષણીક સાધનો અને તેની ઉપલબ્ધિ, સહ અભ્યાસ પ્રવૃતિઓ, સંસ્કૃત વિષય શિક્ષણની સમસ્યાઓ અને તેને નિવારવાના ઉપાયો સંસ્કૃત વિષયનું મૂલ્યાંકન અને તેના પરિણામો વગેરે વિષે અધ્યયન કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત સંશોધનનું ક્ષેત્ર ભાષા શિક્ષણ છે. પ્રસ્તુત સંશોધનમાં સર્વેક્ષણ સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. વર્ષ 2018-19 ની સ્થિતિ ને ધ્યાનમાં રાખીને ધરમપુર તાલુકાની 40 માધ્યમિક શાળાઓમથી સંસ્કૃત વિષયનું અધ્યાપન કાર્ય કરાવનાર શિક્ષકો અને યાદ્રચ્છિક પદ્ધતિથી ધોરણ -9 અને ધોરણ -10 ના વિદ્યાર્થીઓ પાસેથી માહિતી પ્રાપ્ત કરવામાં આવી હતી. માહિતી એકત્રીકરણ માટે શિક્ષકો માટે સ્વરચિત અભિપ્રાયયાવલિ અને વિદ્યાર્થીઓના સંસ્કૃત વિષયના પાયાના જ્ઞાનની ચકાસણી માટે દેવભાષા આરંભ જ્ઞાન કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. મળેલ સંખ્યાત્મક માહિતીનું વિષ્લેશણ આવૃત્તિ અને ટકાવારીના રૂપમાં અને ગુણાત્મક માહિતીનું વિષ્લેશણ વિષયવસ્તુ વિષ્લેશણ પદ્ધતિ દ્વારા કરવામાં આવ્યું હતું. છેલ્લા પાંચ વર્ષના શાળાઓના ધોરણ -10 ના બોર્ડના પરિણામો ને ધ્યાનમાં લેતા શાળાઓનું સરેરાશ પરિણામ 55.33% જેટલું જણાયું હતું જ્યારે એની તુલનમાં સંસ્કૃત વિષયનું પરિણામ 78.10% જેટલું જણાયું હતું. આમ અન્ય વિષયોની તુલનમાં સંસ્કૃત વિષય શિક્ષણની સ્થિતિ પ્રમાણમા સારી છે.

## પ્રસ્તાવના

સંસ્કૃત ભાષા એ સર્વ ભાષાઓની જનની છે. સંસ્કૃત એ સૌથી પ્રાચીન ભાષા છે અને વૈદિક ખજાનો છે. ભારતીય સંસ્કૃતિના વિકાસ અને વિશ્વમાં ભારતીય સંસ્કૃતિની પ્રસિદ્ધિના મૂળમાં સંસ્કૃત ભાષા રહેલી છે. આધુનિક શાળાઓ, કોલેજો અને પ્રણાલિકાગત પાઠશાળાઓમાં સંસ્કૃત એકસરખી રીતે અને મુંજવણ જન્માવે એટલી હદે ક્ષય પામી રહ્યું છે. એ માટે કયું પરિબળ જવાબદાર છે ? શા માટે ? આ બધી બાબતો જાણવા માટે સંશોધકે પ્રસ્તુત અભ્યાસ હાથ ધર્યો હતો.

## હેતુઓ

પ્રસ્તુત સંશોધન નીચે મુજબના હેતુઓને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યું હતું.

૧ ધરમપુર તાલુકાની માધ્યમિક શાળાઓમાં સંસ્કૃત વિષય શિક્ષકની શૈક્ષણિક લાયકાત અને અનુભવ જાણવા.

૨ ધરમપુર તાલુકાની માધ્યમિક શાળાઓમાં સંસ્કૃત વિષયનું સ્થાન અને ધ્યેયો સંદર્ભે અભ્યાસ કરવો.

૩ ધરમપુર તાલુકાની માધ્યમિક શાળાઓમાં સંસ્કૃત વિષયના અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તકો સંદર્ભે અભ્યાસ કરવો.

૪ માધ્યમિક કક્ષાએ સંસ્કૃત શિક્ષણમાં શિક્ષકો દ્વારા ઉપયોગમાં લેવાતી વિવિધ સહઅભ્યાસ પ્રવૃત્તિઓ અને પદ્ધતિઓનો અભ્યાસ કરવો.

૫ ધોરણ ૯ અને ધોરણ ૧૦ ના વિદ્યાર્થીઓની સંસ્કૃત શિક્ષણની શૈક્ષણિક સિદ્ધિની ચકાસણી કરવી.

૬ સંસ્કૃત શિક્ષણ સંદર્ભે સંસ્કૃત વિષય શિક્ષકના અભિપ્રાયો જાણવા.

૭ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા લેવાતી જાહેર પરીક્ષાઓ પૈકી ધોરણ ૧૦ ના છેલ્લા પાંચ વર્ષના બોર્ડના પરિણામોનો અભ્યાસ કરવો.

VIDHYAYANA

## સંશોધના પ્રશ્નો

પ્રસ્તુત સંશોધન અંતર્ગત નીચે મુજબના સંશોધન પ્રશ્નો હતા.

૧ માધ્યમિક શાળાઓમાં સંસ્કૃત શિક્ષકોની શૈક્ષણિક યોગ્યતા અને વ્યાવસાયિક સજ્જતા કેવી છે?

૨ માધ્યમિક શાળાઓમાં સંસ્કૃત વિષયનું શિક્ષણમાં સ્થાન કેવું છે?

૩ સંસ્કૃત વિષયના અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તકો વિશે સંસ્કૃત શિક્ષકના અભિપ્રાયો શા છે?

૪ માધ્યમિક શાળાઓમાં સંસ્કૃત વિષય શિક્ષણ સંદર્ભે કઈ કઈ શિક્ષણ પદ્ધતિઓ ઉપયોગમાં લેવાય છે?

૫ માદયમિક શાળાઓમાં સંસ્કૃત વિષય શિક્ષણ સંદર્ભે કઈ કઈ સહઅભ્યાસ પ્રવૃત્તિઓ ઉપયોગમાં લેવાય છે?

૬ ધોરણ ૯ અને ૧૦ ના વિદ્યાર્થીઓની સંસ્કૃત શિક્ષણમાં શૈક્ષણિક સિદ્ધિ કેવી છે?

૭ સંસ્કૃત શિક્ષણ સંદર્ભે સંસ્કૃત વિષય શિક્ષકના અભિપ્રાયો શા છે?

૮ છેલ્લા પાંચ વર્ષમાં સંસ્કૃત વિષયમાં બોર્ડના પરિણામો અન્ય વિષયની તુલનામાં કેવા છે?

૯ સંસ્કૃત વિષયના શિક્ષકને શિક્ષણકાર્યમાં કઇ મુશ્કેલી પડે છે?

૧૦ સંસ્કૃત વિષય શિક્ષકને પડતી મુશ્કેલીઓ નિવારવા શું કરી શકાય?

**વ્યાપવિશ્વ અને નિદર્શ**

પ્રસ્તુત અભ્યાસમાં ધરમપુર તાલુકાની માધ્યમિક શાળાઓમાં સંસ્કૃત શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ જાણવા સંદર્ભે હોય ધરમપુર તાલુકાની માધ્યમિક શાળાઓમાં સંસ્કૃત વિષયનું અધ્યાપન કાર્ય કરાવતા શિક્ષકો અને માધ્યમિક શાળાઓમાં વર્ષ ૨૦૧૮-૧૯ માં ધોરણ ૯ અને ૧૦ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ આ સંશોધનનું વ્યાપવિશ્વ હતું.

ધરમપુર તાલુકાની ૩૯ માધ્યમિક શાળાઓના સંસ્કૃત વિષયના ૪૧ શિક્ષકો અને યાદ્રચ્છિક રીતે પસંદગી પામેલ ૩૯ માદયમિક શાળાઓ પૈકી ધોરણ ૯ ના ૩૩૧૧ વિદ્યાર્થીઓ પૈકી ૧૫% થી વધુ ૪૦૦ વિદ્યાર્થોઓ અને ધોરણ ૧૦ ના સંસ્કૃત વિષય રાખનાર ૨૫૯૨ વિદ્યાર્થીઓએ પૈકી ૧૫% થી વધુ ૨૫૦ વિદ્યાર્થીઓને નિદર્શ તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ રચના**

1 સંસ્કૃત વિષયના શિક્ષકો માટે સ્વરચિત અભિપ્રાયાવલિ

2 ધોરણ 9 અને 10 ના વિદ્યાર્થીઓમટે દેવભાષા આરંભ જ્ઞાન કસોટી

માહિતી એકત્રિકરણ અને માહિતી વિશ્લેશણ

ધરમપુર તાલુકાની માધ્યમિક શાળાઓના શિક્ષકો પાસેથી અભિપ્રાયાવલિ અને ધોરણ 9 અને ધોરણ 10 ના વિદ્યાર્થીઓ પાસેથી દેવભાષા આરંભ જ્ઞાન કસોટી ને આધારે માહિતી મેળવવામાં આવી હતી.

સંખ્યાત્મક માહિતીનું આવૃત્તિ અને ટકા વડે અને ગુણાત્મક માહિતીનું વિષયવસ્તુ વિશ્લેશણ પદ્ધતિ વડે માહિતીનું વિશ્લેશણ કરવામાં આવ્યું હતું.

**સંશોધનના તારણો**

સંસ્કૃત વિષયના શિક્ષકોની અભિપ્રાયાવલિ ને આધારે પ્રાપ્ત થયેલ તારણો

(1) બધા જ શિક્ષકો (B.A., B. Ed) લાયકાત ધરાવે છે અને 34% શિક્ષકો 1 થી 10 વર્ષનો અને 64% શિક્ષકો 10 વર્ષ કરતાં વધુ અનુભવ ધરાવે છે.

(2) છેલ્લા પાંચ વર્ષના બોર્ડના શાળાઓના અને સંસ્કૃત વિષયના પરિણામો સંદર્ભે વર્ષ 2014 થી 2018 દરમ્યાન પાંચ વર્ષનું શાળાઓનું પરિણામ 55.33% જોવા મળ્યું હતું જ્યારે સંસ્કૃત વિષયનું પરિણામ 78.10% જોવા મળ્યું હતું. આમ અન્ય વિષયની તુલનામાં સંસ્કૃત વિષાયનું પરિણામ ઊંચું જોવા મળ્યું હતું.

(3) સંસ્કૃત વિષય શિક્ષણના સંદર્ભે દરેક શિક્ષકના મત પ્રમાણે ભારતીય સંસ્કૃતિના વારસાના જતન માટે અને અન્ય વિષય સાથે અનુબંધ સાધવા સંસ્કૃત વિષયનું જ્ઞાન જરૂરી છે.

(4) 85% શિક્ષકોના મતે સંસ્કૃત વિષયની વ્યાકરણ પુસ્તિકાનો અભ્યાસક્રમમાં સમાવેશ કરવો જોઈએ.

(5) સંસ્કૃત વિષય શિક્ષણ સુધારણા માટે સંસ્કૃત વિષયના સંદર્ભ પુસ્તકો શાળા કક્ષાએ વધારવા જોઈએ અને ધોરણ -1 થી જ સંસ્કૃત ભાષા શીખવવી જોઈએ.

(6) સંસ્કૃત શિક્ષણમાં પડતી મુશ્કેલીઓ સંદર્ભે ઘાણા શિક્ષકોનું માનવું હતું કે સંસ્કૃત વિષયમાં ગોખણપટ્ટી ને વધારે સ્થાન અપાય છે.

(7) સંસ્કૃત વિષયમાં પડતી મુશ્કેલીઓ નિવારવા માટે દ્રશ્ય-શ્રાવ્ય સાધનોના ઉપયોગથી શિક્ષણકાર્ય રસપ્રદ બનાવી શકાય અને સંસ્કૃત વિષયની બાહ્ય પરીક્ષામાં ભાગ લેવા વિદ્યાર્થીઓને પેરિત કરી શકાય.

**ધોરણ 9 અને ધોરણ 10ના વિદ્યાર્થીઓ પાસેથી પ્રાપ્ત થયેલ કસોટો આધારિત તારણો**

ધોરણ 10 ના વિદ્યાર્થીઓ પાસેથી પ્રાપ્ત થયેલી કસોટીમાં 53.40% વિદ્યાર્થીઓએ સાચા ઉત્તર આપેલ હતા જ્યારે ધોરણ 9 ના વિદ્યાર્થીઓમાં 54.45% વિદ્યાર્થીઓએ સાચા ઉત્તર આપેલ હતા અર્થાત આ પરિણામોને જોતાં સંસ્કૃત વિષય શિક્ષણની સ્થિતિ એકંદરે મધ્યમ કક્ષાની જણાય રહી છે.

**ઉપસંહાર**

સાંપ્રત સમયમાં શિક્ષણનું મહત્વ ડગલે ને પગલે વધતું જાય છે. શિક્ષણની ગુણવત્તા વધારવાના આરંભબિંદુ સમાન માધ્યમિક કક્ષાએ સંસ્કૃત વિષય શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ જાણી શકાય તો નિશ્ચિત દિશામાં પ્રયાણ કરવા માટે માર્ગદર્શન પ્રાપ્ત થઈ શકે આ હેતુને ધ્યાનમાં રાખીને સંશોધકે પ્રસ્તુત સંશોધન દ્વારા ધરમપુર તાલુકાની માધ્યમિક શાળાઓમાં સંસ્કૃત વિષય શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ જાણવાનો નમ્ર પ્રયાસ કર્યો હતો. પ્રસ્તુત સંશોધનના હેતુઓના સંદર્ભમાં પ્રાપ્ત થયેલા તારણો સંસ્કૃત વિષય શીખવતા શિક્ષકો, આચાર્યો, સંસ્કૃત વિષયમાં સંશોધકો,સંસ્કૃત વિષયના પાઠ્યપુસ્તકોના રચયિતાઓ, તથા કેળવણીકારોને ઉપયોગી નીવડશે તો સંશોધકનો પ્રયાસ સાચા અર્થમાં યોગ્ય ગણાશે.